અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૭ સમક્ષ.

**ફોજદારી કેસ નં– ૪૭૩૯૭/૧૮.**
આંક–પ

**ફરીયાદી : નામદાર સરકાર**
વિરૂધ્ધ

**આરોપી :કમલેશભાઈ ઘનશ્યામભાઈ શાહ,ઉ.વ.પુખ્ત.**
રહેવાસી: બી/૨૭, છના શેઠની ચાલી,
હાટકેશ્વર પોલીસ ચોકી પાછળ, ખોખરા,
અમદાવાદ.

**ગુન્હો : <u>ઈ.પી.કોડની કલમ – ૧૮૮ મુજબનો</u>**

## <u>ઠરાવ</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૦/૨/૧૮ના કલાક: ૧૯/૫૫ વાગે અમરાઈવાડી હાટકેશ્વર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ આગળ જાહેર રોડ ઉપર પોતાના કબજાની ઓટો રીક્ષા ટ્રાફીકને અડચણરુપ નો પાર્કીંગ ઝોનમા ઉભી કરી, મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ, ઈ.પી.કોડની કલમ: –૧૮૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ અન્વયે ગુનો નોંધી, ગુના અંગેનું તહોમતનામું રજુ કરવામાં આવેલ છે. ત.ક.અએ રજુ કરેલ ચાર્જશીટ આધારે આરોપી વિરૂધ્ધ સદર ગુન્હાના સમન્સ કાઢવા હુકમ કરેલો છે. પરંતુ આ કામે આરોપીની પ્લી આંક–૨થી લીધા બાદ, ફરીયાદપક્ષે આંક–૩ થી ફરીયાદી શીવાભાઈ હુરાભાઈની જુબાની લઈ આંક–૪ થી ફરીયાદ તથા આંક–૫ થી જાહેરનામુ રજૂ કરેલ છે,પરંતુ, આરોપી તર્ફે આ કામના ફરીયાદી કે પોલીસ અધિકારીએ ફરીયાદ દાખલ કરતા પહેલા ના.કોર્ટની પરવાનગી લીધેલ ન હોય, જેથી અત્રેની કોર્ટ ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫(૧)એની જોગવાઈનો હાલના કેસમાં ભંગ થતો હોવાનું જણાતા, આરોપીની અરજી મંજૂર કરી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી, નીચે મુજબના મુદદા હેઠળ હાલના આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે.

મુદદો

૧). શું ફરીયાદપક્ષનો કેસ ટકવાપાત્ર છે કે, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૫ (૧) મુજબ રદ થવાને પાત્ર છે ?

૨). શું હુકમ ?

**(૨)** ઉપરોકત મુદદાઓ પરત્વેનો મારો નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબનો છે.

૧). નકારાત્મક

૨). આખરી હુકમ મુજબ

## <u>કારણો</u>

**(૩) મુદદા નં.૧:–** હાલનો કેસ આરોપી વિરૂધ્ધ ફરીયાદી પોલીસ કર્મચારીએ આપેલ ફરીયાદના આધારે ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબનો ગુનો દાખલ કરી ચાર્જશીટ કરતા દાખલ કરાયેલ, હાલના કેસમાં પોલીસ રીપોર્ટ આધારે કોગ્નિઝન્સ લઈને સમન્સ કાઢવાનો નિર્ણય કરેલો છે. પરંતુ આ કામે ફરીયાદી અને તપાસ કરનાર અમલદારે સોગંદ પરની જુબાનીમાં આ બનાવવાળી હકીકતોને સમર્થન આપી, તે મુજબ આરોપી વિરૂધ્ધ હાલના ગુના અંગેની ફરીયાદ દાખલ કરી તપાસના અંતે ચાર્જશીટ રજૂ કર્યાનું જણાવેલ છે, પરંતુ તેઓએ આરોપી તર્ફેની ઉ×તમાં કબૂલ રાખેલ છે કે, તેઓએ હાલની ફરીયાદ કે ચાર્જશીટ અંગે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૯૫ મુજબની કોઈ પરવાનગી ના.કોર્ટ પાસેથી લીધેલ નથી. આ સંજોગોમાં **હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, ઈ.પી.કોડની કલમ:૧૮૮ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે અદાલત પોલીસ રીપોર્ટ આધારે કોગ્નિઝન્સ લઈ શકે ?** આ બાબતે ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫(૧) ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. ક્રી.પ્રો.કોડનીકલ:૧૯૦ મુજબ અદાલત પોલીસ રીપોર્ટ આધારે કોગ્નિઝન્સ લઈ શકે,પરંતુ કેટલીક એવી બાબતોને અપવાદમાં મુકવામાં આવેલી છે. ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫ થી ૧૯૯ ની જોગવાઈઓ જોવામાં આવે તો અદાલતને કેટલીક બાબતમાં પોતાની સમક્ષ લેખિત ફરીયાદ આપવામાં આવી ન હોય ત્યાં સુધી કોગ્નિઝન્સ લેવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો છે. ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫(૧) (એ)નું પૃથ્થકરણ કરવામાં આવે તો ઈ.પી.કોડની

કલમ: ૧૭૨ થી ૧૮૮ ના ગુન્હા સંબંધે ફરીયાદીએ નામદાર કોર્ટમાં જાતે ફરીયાદ દાખલ કરવી પડે. જો આવી ફરીયાદ અદાલતમાં આવા રાજય સેવકે આપેલી ન હોય તો અદાલત કોગ્નિજન્સ લઈ શકે નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૧૯૯૭(૨) જી.એલ.એચ.પેજ ૩૪૯ ઉપર રીપોર્ટ થયેલા નિર્મળાબેન અરવિંદભાઈ વિરૂધ્ધ કલાવતીબેન નટવરલાલના કોસમાં નિર્ણય કરવામાં આવેલો છે કે, ક્રી.પ્રો.કોડની કલમ:૧૯૫ (૧) ની જોગવાઈઓ મુજબ તે જોગવાઈઓમાં દર્શાવેલ ગુન્હા સંબંધે જો અદાલતમાં ફરીયાદ આપવામાં આવી ન હોય તો અદાલતને કોગ્નિઝન્સ લેવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો છે. અને જો આવા ગુન્હાઓ સંબંધે ચાર્જશીટ દાખલ કરવામા આવેલી હોય તો પણ આવા ચાર્જશીટ આધારે અદાલતા કોગ્નિઝન્સ લઈ શકે નહી અને પોલીસ પણ આવા ગુન્હાઓ સંબધે કોગ્નિઝન્સ લઈ શકે નહી અને એફ.આઈ.આર.નોંધીને ચાર્જશીટ કરી શકે નહી, અને જો ર્ચાશીટ આપવામાં આવી હોય તો તેનું મુલ્ય ''**પીસ ઓફ પેપર**'' ગણાય. હાલના આ પ્રસ્તુત કેસમાં પણ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ: ૧૮૮ ના ગુના સંબંધે ચાર્જશીટ કરવા માટે કોઈ પોલીસને કોઈજ અધિકાર પહોંચતા નથી. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૧૯૯૭(૩) જી.એલ.આર. પેજ ૨૫૦૧ ઉપર રીપોર્ટ થયેલા નીતેશચંદ્ર મણીલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પણ નિર્ણય કરવામાં આવેલો છે કે, જયાં સુધી ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫ માં જોગવાઈ કરેલા ગુન્હાઓ સંબંધે અદાલતમાં લેખિત ફરીયાદ આપવામાં આવી ન હોય ત્યાં સુધી અદાલત કોગ્નિઝન્સ લઈ શકે નહી. આવા ગુન્હાઓ સંબંધે પોલીસને ગુન્હો દાખલ કરવા માટે પણ અધિકાર પહોંચતો નથી, અને તપાસ કરવાની પણ હકુમત નથી. હાલના આ પ્રસ્તુત કેસમાં પોલીસે જે ચાર્જશીટ કરેલી છે તે માત્ર '' પીસ ઓફ પેપર'' જ ગણાય. પોલીસ ચાર્જશીટ આધારે અદાલત કોગ્નિઝન્સ થઈ શકે નહી. આ ઉપરાંત આવા કેસો સંબંધે નામદાર હાઈકોર્ટ ધ્વારા ૧૯૯૯(૧) જી.એલ.આર.પેઈજ ૭૯૦ ઉપર રીપોર્ટ થયેલા રામજી ભીખા કોળી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પણ આવો જ નિર્ણય કરવામાં આવેલો છે. સદર કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એ.આઈ.આર ૧૯ ૮૪ સુપ્રિમ કોર્ટ પેજ ૧૧૦૮ ઉપર રીપોર્ટ થયેલ સ્ટેટ ઓફ યુ.પી.વિરૂધ્ધ સુરેશચંદ્ર શ્રીવાસ્તવના કેસનો આધાર રાખવામાં આવેલો છે.સદર સ્ટેટ ઓફ યુ.પી.વિરૂધ્ધ સુરેશચંદ્રના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે પણ એવો નિર્ણય કરેલો છે કે,ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫(૧) માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ તેવા ગુનાઓ સંબંધે અદાલતમાં ફરીયાદ આપવામાં આવી ન હોય ત્યાં સુધી અદાલતને કોગ્નિઝન્સ લેવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો છે. આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એ.આઈ.આર. ૧૯૮૨ સુપ્રિમ કોર્ટ પેજ ૧૨૩૮ ઉપર રીપોર્ટ થયેલ ચંદ્રપાલસિંહ વિરૂધ્ધ મહારાજસિંગના કેસમાં પણ આવો જ નિર્ણય કરવામાં

આવેલો છે.સદર કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવી નોંધ લેવામાં આવી છે કે, ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫ માં કરેલ જોગવાઈ મુજબના ગુન્હાઓ સંબંધે અદાલત સમક્ષ લેખિત ફરીયાદ હોવી જોઈએ, અને જો આવી શરતનું પાલન થયું ન હોય તો અદાલત કોગ્નિઝન્સ લઈ શકે નહી. હાલના આ પ્રસ્તુત કેસમાં પણ મારા પુરોગામીશ્રીએ પોલીસ રીપોર્ટ આધારે કોગ્નીઝન્સ લીધેલ છે. સદર નિર્ણય ક્રી. પ્રો.કોડની કલમ: ૧૯૫(૧)(એ) ની જોગવાઈઓ વિરૂધ્ધ છે. ફરીયાદ પક્ષે વિધ્વાન સરકારી વકીલશ્રી આર.કે.પટેલને હાલના ચાર્જશીટ અંગે અદાલત ધ્વારા તેઓને પુછવામાં આવતાં તેઓએ <u>૨૦૦૪(૧)જી.એલ.એચ. પેજ ૫૯૮ ઉપર રીપોર્ટ થયેલ ઝાલા જયંતસિંહ લાલજીભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત</u>ના કેસનો આધાર રાખીને જણાવેલ છે કે,ક્રીમીનલ લો એમેડમેન્ટ એકટ ૧૯૩૨ ની કલમ ૧૦ ની જોગવાઈ મુજબ સરકારને કેટલાક ગુનાઓ કોગ્નિઝેબલ અને નોન બેઈલેબલ બનાવવા માટે જાહેરનામા પ્રસિધ્ધ કરવા અધિકાર છે. સદર અધિકાર અન્વયે ગુજરાત રાજય ધ્વારા આઈ.પી.સી.કલમ ૧૮૮ ના ગુનાને કોગ્નિઝેબલ બનાવેલા છે, તેથી પોલીસ એફ.આઈ. આર. નોંધીને ઈન્વેસ્ટીગેશન કરી શકે છે.સદર નોટીફીકેશનને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવેલ,પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નોટીફીકેશનને કાયદેસર ગણવામાં આવેલ ,તેથી અદાલત અદાલત કોગ્નિઝન્સ લઈ શકે,પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ જુદા જુદા કેસોમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે નિર્ણયો કરવામાં આવેલા છે, તે ધ્યાને લેતાં અને <u>નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટની ડીવીઝન બેન્ચ ધ્વારા જીવણકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, કે જેનો કેસ, ૨૦૦૮ ક્રીમીનલ લો જનરલ પેજ ૩૫૭૬</u> ઉપર રીપોર્ટ થયેલ છે,તેમાં નામદાર પંજાબ–હરીયાણા હાઈકોર્ટન ડીવીઝન બેન્ચ ધ્વારા એવો નિર્ણય કરવામાં આવેલ છે કે, આઈ.પી.સી.ની કલમ :૧૮૮ ના ગુના અંગે પોલીસને ફરીયાદ નોંધવાનો અને તેના ઈન્વેસ્ટીગેશન કરવાનો કોઈ અધિકાર નથી, તેમ છતાંય પણ જો આવા ગુના અંગે એફ.આઈ.આર. નોંધવામાં આવેલ હોય અને પ્રોસીકયુશન કરવામાં આવેલ હોય તો તે બાબત ગેરકાયદેસર છે. સદર કેસના નિર્ણયમાં <u>નામદાર પંજાબ–હરીયાણા હાઈકોર્ટ ધ્વારા સવારણસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ કે જેનો કેસ ૧૯૯૪(૩) રીસન્ટ ક્રીમીનલ રીપોર્ટર પેજ ૩૫૨ ઉપર તથા ભગતરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ કે જેનો કેસ ૧૯૯૧(૧) રીસન્ટ ક્રીમીનલ રીપોર્ટર પેજ ૧૯૨ ઉપર રીપોર્ટ થયેલ છે, તેનો આધાર લઈને તેમજ જગતારસીંગ વિરૂધ્ધ ચંદીગઢ યુનીયન ટેરીટરી કે જેનો કેસ ૧૯૯૬(૧) રીસન્ટ ક્રીમીનલ રીપોર્ટર પેજ ૬૬૯</u> ઉપર રીપોર્ટ થયેલ છે, તેનો આધાર લઈ નિર્ણય કરવામાં આવેલ છે કે,આઈ.પી.સી.કલમ: ૧૮૮ ના ગુના અંગે જયાં સુધી, જે તે સરકારી અધિકારી ધ્વારા કોર્ટમાં લેખિત ફરીયાદ આપવામાં આવી ન હોય ત્યાં સુધી

કોગ્નિઝન્સ લઈ શકાય નહી, અને આવા ગુનાઓમાં પોલીસને એફ.આઈ.આર. નોંધી ઈન્વેસ્ટીગેશન કરીને ચાર્જશીટ રજુ કરવા માટે અધિકાર પહોંચતો નથી. હાલના આ કેસમાં પણ આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૧૮૮ મુજબના ગુના અંગે ચાર્જશીટ કરવામાં આવેલું છે તે ચાર્જશીટ અન્વયે કોર્ટને કોગ્નિઝન્સ લેવા માટે ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૫ થી બાધ મુકવામાં આવેલ છે. ક્રી.પ્રો.કોડની કલમ: ૧૯૦ અન્વયે પોલીસ રીપોર્ટ આધારે અદાલત કોગ્નિજન્સ લઈ શકે, પરંતુ તેના અપવાદો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૧૯૫ થી ૧૯૮ માં આપવામાં આવેલા છે. આવા અપવાદમાં જયારે કેસ પડતો હોય ત્યારે પોલીસ રીપોર્ટ આધારે પણ કોગ્નિઝન્સ લઈ શકાય નહી.તે સંજોગોમાં આરોપીઓને ઈ.પી.કોડ કલમ: ૧૮૮ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>:: આખરી હુકમ ::</u>

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસી. કોડ ની કલમ:૨૫૫(૧) અન્વયે ઈ.પી.કોડ કલમ: ૧૮૮ મુજબ ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ તેમના જૂના જામીનને ક્રિ.પ્રો.કોડ ક.૪૩૭એ મુજબના ચાલુ રાખવા અરજી કરેલ હોય, નવા જામીનનો હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**<u>સ્થળ : અમદાવાદ.</u>**
**તા.૨૧/૦૫/૨૦૧૮**

**(અતુલકુમાર આર. પટેલ)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૭, કોડ નં.જી.જે.૦૦૭૧૦.**